# મનપાનો કરવેરો ભરવામાં નગરજનોની ઉદાસીનતા

## ૪૮ કરોડની કર વસુલાત બાકી : પ્રજાલક્ષી કામગીરીમાં ટેક્ષની આવક અનિવાર્ય, બાકી ટેક્ષ ભરવા અને ડોર ટુ ડોર કચરો આપવા કમિશનરની અપીલ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા પછી વહીવટીતંત્રએ નગરજનોની જરૂરિયાત અને સાફ સફાઈ ઉપર પુરતુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પાલિકાતંત્ર નગરને સ્વચ્છ, સુંદર અને સુવિધાયુક્ત બનાવવા એક પછી એક કામ હાથ ઉપર લઈ રહ્યું છે. પરંતુ મનપાનો કરવેરો ભરવામાં નગરજનોની ઉદાશીનતાથી પાલિકા ઉપર બોજો વધી રહ્યો છે. હાલમાં ૪૮ કરોડ જેવી માતબર રકમનો કર નગરજનોએ ભર્યો નથી. જેથી મ્યુનિસિપલ કમિશનર દ્વારા બાકી ટેક્ષ ભરવા તથા ઘેર ઘેર કચરો ઉપાડવાની ચાલુ કામગીરીને સહકાર આપવા નગરજનોને અપીલ કરી છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર મહાનગરપાલિકા સને ૨૦૧૦માં કાર્યરત થઈ હતી. તે પછી વહીવટીતંત્રએ પાલિકા વિસ્તારના રહેણાંક અને બિન રહેણાંક આવાસોનો સર્વે કર્યો હતો. જે સર્વે ગુડા દ્વારા પાલિકા સત્તાધીશોને આપવામાં આવેલ સુચિ મુજબ હાથ ધરાયો હતો. જે મુજબ પાલિકાતંત્રએ સર્વે કરી સફાઈવેરા તથા અન્ય વેરા સામેલ કરી નગરજનોને કરવેરા બિલ મોકલી આપ્યા હતા. જેમાંથી ૨૦૧૦થી અત્યાર સુધીના બિલ પૈકી રૂ. ૪૮ કરોડ હજુ કેટલાક નગરજનો દ્વારા કરવેરા પેટે ભરાયા નથી. પાલિકાની મુખ્ય આવક એવી કરવેરાની રકમ તંત્ર નગરમાં જુદા જુદા ક્ષેત્રે ઉપયોગ કરી નગરજનોને સુવિધા પુરી પાડવા પ્રયાસ કરે છે. તદ્ ઉપરાંત પાલિકાના કર્મચારીઓ, સફાઈ કામદારો તથા અન્ય કર્મચારીઓના પગાર પણ આ આવક ઉપર નિર્ભય બન્યો છે. ત્યારે ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર જી. આર. ચૌધરીએ નગરજનોને બાકી ટેક્ષ ભરપાઈ કરી જવા અપીલ કરી છે. તેઓએ વધુમાં જણાવ્યુ છે કે પાલિકા દ્વારા નગરમાં ૧૧૦ જેટલી કચરાપેટી મુકેલ છે અને ઠેર ઠેર ડસ્ટબીન મુકેલા છે તેમજ તંત્ર દ્વારા ઘરે ઘરેથી કચરો ઉપાડવા માટે દૈનિક આયોજન કર્યુ છે. જેનો મહત્તમ લાભ લેવા વિનંતી કરી છે. કારણ કે આ ઘેર ઘેર કચરો ઉપાડવા માટેનો ટન ઉપર કરાર નક્કી કરેલો છે. જેથી તે પૂર્ણ પણે ઉપયોગ થાય અને આ અંગે અન્ય ખર્ચ કરવો ન પડે તે હેતુ સમાયેલો છે.

વધુમાં દરેક નગરજનોના નિવાસે પાલિકા દ્વારા બે ડસ્ટ બીન ડોલ પુરી પડાઈ છે. પાલિકાએ પોતાના ખર્ચે પુરી પાડી છે. જેથી ખુબજ નજીવા કર વસુલાત મેળવી પાલિકા તંત્ર શ્રેષ્ઠ સુવિધા પુરી પાડવા મક્કમ છે. ત્યારે સૌ નગરજનોએ સંપુર્ણ સહકાર આપી નગરના વિકાસમાં ફાળો અપાય તેવી અપેક્ષા સેવાઈ છે.





### એલડીઆરપી કોલેજમાં બે દિવસીય ઝેનીસીસ-૨૦૧૫ યોજાયો

ગાંધીનગર સેક્ટર-૧૫માં આવેલ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એલડીઆરપી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ દ્વારા ટેકનોગ્રીન વિષય આધારીત ઝેનીસીસ-૨૦૧૫ યોજાઈ ગયો. જેમાં ૩૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ૫૦થી વધુ સ્પર્ધાઓ અને ૭ જેટલા વર્કશોપમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, કડી સર્વ વિદ્યાલય, ગાંધીનરના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ, યુનિવર્સિટીના ડાયરેક્ટર પ્રા. ડી. ટી. કાપડીયા,. ગુજકોષ્ટના એડવાઈઝર ડૉ. નરોત્તમ સાહુ, ગ્રીડબોલ્ડસના ફાઉન્ડર એન્ડ સીઈઓ પુલકીત ગૌર અને એલડીઆરપીના પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરાના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા ઝેનીસીસ-૨૦૧૫નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલ પુલકીત ગોરે પોતાના ટેકનોલોજીક્ષેત્રમાં મેળવેલ સફળતાના પાયાઓની ચર્ચા કરી હતી. જ્યારે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલે ટેકનીકલના શિક્ષણ ક્ષેત્રમાં એલડીઆરપીએ આજે ૧૦ વર્ષ પૂર્ણ કરતાં તમામ સહયોગીને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં ટેકનીકલક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સફળતા પ્રાપ્ત કરી તે બદલ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. ઝેનીસીસ-૨૦૧૫માં ગુજરાત રાજ્યની વિવિધ ટેકનિકલ ૬૦ થી વધુ કોલેજમાંથી ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ એક્ષ-ઈન્ટન પ્રેજન્ટેશન, હેલઈન સેલ, રોબો મેનીયા સહિત ૫૦ જેટલા સ્પર્ધાઓ અને એન્ડ્રોઈડ વિયર, પીસીબી ડિઝાઈન, ઓટોમોબાઈ એસેમ્બલી જેવા ૭ જેટલા વર્કશોપમાં ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સેક્ટર-૩૦ સર્કલ પાસેથી આઠ પેસેન્જર રીક્ષાઓ ડીટેઈન

### વધુ મુસાફરો ભરીને ફરતા રીક્ષાચાલકો પર પોલીસની તવાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં પેસેન્જર રીક્ષાઓ બેફામ ફરે છે. જેમાં મર્યાદીત નિયત કરેલા મુસાફરોની સંખ્યા કરતાં બબ્બે ગણા મુસાફરો ઘેટાં-બકરાની જેમ ભરીને ફેરા મારવામાં આવે છે. ગાંધીનગર પોલીસે આજથી આવી ખીચોખીચ મુસાફરો ભરીને જતી રીક્ષાઓ ડીટેઈન કરી કડક પગલા ભરવાનું શરૂ કર્યું છે. આજે સે. ૩૦ સર્કલેથી પોલીસ દ્વારા આઠેક રીક્ષાઓ ડીટેઈન કરી લેવામાં આવી હતી.

ડબલ-ડબલ મુસાફરો ટ્રાફીકના નિયમોને નવે મુકીને ભરીને જતા વાહનો પર પોલીસે તવાઈ મચાવી છે. પેસેન્જરની પાસે બેફામ ભાડુ વસુલતા રીક્ષાચાલકોની ફરીયાદોને આધારે મીટરનું ચેકીંગ પણ શરૂ કરવામાં આવ્યું છે. ખિચોખિચ મુસાફરો ભરીને જીવના જોખમે મુસાફરી કરાવતા રીક્ષાચાલકો સામે આજે પોલીસે લાલ આંખ કરી છે. સે. ૩૦ સર્કલ પાસે પોલીસની ટીમ આજે ગોઠવાઈ ગઈ હતી. અને આવા આઠેક રીક્ષાચાલકોને પકડીને તેમની રીક્ષાઓ ડીટેઈન કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. પોલીસ હજુ પણ આ પ્રકારે ઝુંબેશ ચાલુ રાખે તેવી શક્યતા છે.

### આજે સિંધુ મંદિર ખાતે ચેટી-ચાંદ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં સિંધી પંચાયત દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તેમના નવા વર્ષે 'ચેટી-ચાંદ' ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ તા. ૨૧મી માર્ચ શનિવારે સે. ૩૦માં ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે સવારે ૧૧ વાગે હર્ષોલ્લાસ અને ધામધૂમથી ઉજવવામાં આવશે. ઉત્સવમાં ભગવાન ઝુલેલાલ (વરૂણદેવ)ના બહેરાણા સાહેબની જ્યોત પ્રગટાવવામાં આવશે. સિંધી દિવસ ચેટી-ચાંદ ઉત્સવમાં બપોરે ૧ વાગ્યા સુધી ઝુલેલાલ સાંઈના ગુણગાન અને કુબેરનગરના મ્યુઝિકલ ગૃપ દ્વારા પંજડા ગીતો પ્રસ્તુત કરાશે.

## સે-૧૫ ફતેહપુરામાં દેશી દારૂનાં અડ્ડાઓ પર દરોડા

### પોલીસે છ સ્થળે દરોડા પાડી દેશી દારૂ-વૉશ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ફતેપુરા વિસ્તારમાં સે-૭ પોલીસે સપાટો બોલાવ્યો છે. ફતેપુરામાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર એક પછી એક છ સ્થળોએ દરોડા પાડી બુટલેગરોને સકંજામાં લેવામાં આવ્યા છે પોલીસે દારૂ ગાળવા વપરાતો વૉશ અને દેશી દારૂની પોટલીઓ કબ્જે લઈ તમામ સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલ અનેડીએસપી વિરેન્દ્રસિંગ યાદવની કડક સૂચનાથી ગાંધીનગરમાં દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ પર પોલીસે રીતસરનો સપાટો બોલાવી દીધો છે. સે-૭ પોલીસે સે-૧૫ ફતેપુરા વિસ્તાર કે જયાં દેશી દારૂ આંતરે ઘરે ગાળવામાં આવે છે ત્યાં દરોડાઓ પાડયા હતા. કેટલાક સ્થળોએ પોલીસને કાંઈ મળ્યું ન હોવાથી નીલ રીપોર્ટ આવ્યો હતો. જયારે છ સ્થળોએ દેશી દારૂ અને દારૂ બનાવવા વપરાતો વૉશ અને ગોળ જેવી સામગ્રી મળી આવતા બુટલેગરોની ધરપકડ કરી તમામ સામે પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

## કલાગુર્જરી દ્વારા રવિવારે કિશોરકુમાર હેમંતકુમારના ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

સંસ્કારનગરી ગાંધીનગરની કલા પ્રમી જનતા સમક્ષ અવનવા સાંસ્કૃતિ કાર્યક્રમો પ્રસ્તુત કરવા હંમેશા પ્રયત્નશીલ ગાંધીનગરની જાણીતી સંસ્થા 'કલા ગુર્જરી' દ્વારા તેના આઠમા વર્ષના છેલ્લાં કાર્યક્રમ તરીકે સુપ્રસિદ્ધ પાશ્વ ગાયકો કિશોરકુમાર અને હેમંતકુમારના ફિલ્મ સંગીતના સુવર્ણ યુગના યાદગાર ગીતોની અનોખી મહેફીલ 'મેરે સપનોં કી રાની''નું આયોજન કરવામાં આવેલ છે. ગાંધીનગરના સંગીત પ્રેમીઓ પર પોતાના મધુરકંઠની પ્રભાવી છાપ છોડી જનાર પાશ્વ ગાયક સુરોજીત ગુહા અને સાથી કલાકાર આનલ વસાવડાના સુરીલા કંઠે ખૂબ જાણીતા અને સૌના માનીતા ગીતો રજુ થશે.

કલા ગુર્જરીના સભ્યો માટે આ કાર્યક્રમ તા. ૨૨ માર્ચ, ૨૦૧૫ના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા તથા નવા વર્ષ માટેનું સભ્યપદ હોલ પર જ મેળવી લેવા કલા ગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલે સૌને અનુરોધ કરેલ છે.

### ગાંધીનગરમાં વિવિધ સ્થળે લીમડાના રસનું વિતરણ

ગાંધીનગરમાં સે. ૬ માં ચૈત્ર માસ દરમ્યાન લીમડાના રસનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આ સ્થળેથી અનેક સેવાભાવી લોકો પોતાના સેક્ટર-વિસ્તારના રહીશો માટે વિતરણ કરે છે. આવા જ એક સેવાભાવી હરેશ મોદી દ્વારા તા. ૨૧મી માર્ચ શનિવારથી સવારે ૬.૩૦ વાગે વિવિધ સ્થળે લીમડાના રસનું વિતરણ કરાશે. સેક્ટર-૪ના જાહેર બગીચામાં સવારે ૬.૩૦ વાગે, સે. ૫-એમાં પ્રેરણા સ્કૂલ પાસે પ્લોટ નં. ૩૬૬/૧ ખાતે સવારે ૬.૩૦ થી ૭ વાગ્યા સુધી, સે. ૨૭માં ગાયત્રીનગર સોસાયટીમાં બ્લોક નં. ૨૬૩ ખાતે સવારે ૮ થી ૮.૩૦ વાગ્યા દરમ્યાન વિતરણ કરાશે.

## રાયપુર કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

### મૃતક યુવાનની ઓળખ તથા વાલીવારસની શોધખોળ માટે ડભોડા પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીક સ્થિત રાયપુર નર્મદા કેનાલમાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ દેખાતા કેનાલ સિક્યુરીટી ગાર્ડે ડભોડા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં તેની ઓળખ થાય તેવું કંઈ મળી આવ્યું ન હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

કેનાલ સિક્યુરીટી ગાર્ડ પ્રવિણ ઠાકોર પેટ્રોલીંગમાં હતો ત્યારે રાયપુર નર્મદા કેનાલમાં એક અજાણ્યા યુવાનની લાશ તરતી દેખાઈ હતી. સિક્યુરીટી ગાર્ડે તાત્કાલીક ડભોડા પોલીસને આ ઘટનાની જાણ કરતાં જમાદાર દિનેશભાઈ સ્થળ પર આવી પહોંચ્યા હતા. આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના આ અજાણ્યા યુવાનનો મૃતદેહ બહાર કાઢી ઓળખ માટે તપાસ કરતાં તેની પાસેથી એવું કાંઈ મળી આવ્યું ન હતું જેનાથી તેની ઓળખ છતી થાય..! શરીરે મજબુત બાંધાનો અને શ્યામ વર્ણના આ યુવાનના શરીરે છીંકણી સ્વેટર, બ્લેક પેન્ટ અને શર્ટ છે. મૃતક યુવાનનું ગઈ કાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ કરાવી ડભોડા પોલીસે તેની ઓળખ માટે તથા તેના વાલીવારસ સુધી પહોંચવા માટે તપાસ હાથ ધરી છે.

## મહિલાઓએ ઉમિયા મંદિર સંકુલની સફાઈ કરી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સે. ૫ અને સે. ૧૪ની બીએપીએસ સ્વામિનારાયણ મહિલા મંડળની બહેનો દ્વારા તાજેતરમાં ઉમિયા મંદિરના સંકુલમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા અભિયાનમાં બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ સંપૂર્ણ સંકુલમાં સફાઈ કરી હતી.

સ્વચ્છતા અભિયાન બાદ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં મુખ્ય અતિથિ મેડિકલ ઓફિસર ડૉ. મમતાબેન દેસાઈએ ગાંધીબાપુની યાદ અપાવી વક્તવ્ય દ્વારા મહિલાઓને પ્રોત્સાહિત કરી હતી. આ ઉપરાંત આ સભામાં અભિયાનના નિરિક્ષક રમીલાબેન પટેલ, સંગીતાબેન પટેલ, સંચાલક રંજનબેન પટેલે પણ પ્રેરક વ્યક્તવ્યો આપ્યા હતા. કાર્યક્રમનુ સંચાલન ઉષાબેન ચૌહાણે કર્યું હતું. આ કાર્યક્રમ માટે ઉમિયા મંદિર કેમ્પસના પ્રવિણભાઈ પટેલે હકારાત્મક સહયોગ પુરો પાડ્યો હતો.

### ચૈત્રી નવરાત્રી નિમિત્તે પેથાપુરમાં રાસ-ગરબા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં પેથાપુર ખાતે દર વર્ષનાં જેમ આ વર્ષે શ્રી અંબાજી માતાજીના મંદિરના ચોકમાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે તા. ૨૧-૩-૧૫ને શનિવારથી બસ સ્ટેન્ડ પાસે શ્રી અંબાજી માતાજીના ચોકમાં વિવિધ કલાકારોના રાસ ગરબાનું એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંદિરના પુજારી જગદીશભાઈ ભટ્ટ તેમજ ગ્રામજનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી છે. આ રાસ ગરબાનો લાભ લેવા પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસિએશનના મંત્રી નટુભાઈ કે. દરજીએ એક યાદીમાં જણાવ્યું છે.

### ચૈત્રી નવરાત્રી નિમિત્તે આજના કાર્યક્રમ

● સે.૧૪ અંબાજી મંદિર ખાતે બહુચર માતાજીનો આનંદનો ગરબો બપોરે ૩ થી ૬ વાગ્યા દરમ્યાન જેમાં શક્તિમંડળના નિમિષાબેન પંડ્યાના સ્વરમાં યોજાશે. ● સે. ૨૩માં શિવશક્તિ મંદિર ખાતે બપોરે ૧ થી ૩ વાગ્યા દરમ્યાન અને વરદાયીની ચોકમાં બી-૧ ટાઈપ ખાતે બપોરે ૩.૧૫ થી ૫.૧૫ વાગ્યા દરમ્યાન આનંદનો ગરબો યોજાશે.

### સે-૯માં આજે સુંદરકાંડના પાઠ

શ્રી રામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ રેણુકાબેન પ્રજાપતિના મુખે તારીખ ૨૧મી માર્ચ શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે ડૉ. શંકરસિંહ આર. રાણા (ચેરમેનશ્રી, મધુર ડેરી, ગાંધીનગર)ના નિવાસસ્થાને પ્લોટ નં. ૮૭૩, 'કેસરભુવન', સેકટર-૯-સી, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૭

સૂર્યાસ્ત : ૬.૫૨

### તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૦.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૩૬ ટકા ● સાંજે ૨૨ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

હે... બ્રો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સ્ક્રીન-૪ :

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

દમ લગાકે હેઈસા : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :

કેનવાસ (ગુજરાતી) : ૭.૦૦

### આપની આજ

**મેષ** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે.નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બને. વિશેષ કાર્યો માટે યાત્રા પ્રવાસ વગેરે થશે.

**વૃષભ** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યો થશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વિદેશનાં અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિ થઈ શકશે. આર્થિક પ્રવૃત્તિઓ માટે વિશેષ દોડધામ અને ગહન સંશોધનનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**કર્ક** : જ્ઞાન વૃદ્ધિના કાર્ય થશે. રાજકીય ક્ષેત્રમાં ધન વૃદ્ધિનો વિશેષ યોગ. કાર્યક્ષેત્રે સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. આર્થિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાઓ અને મહત્વપૂર્ણ પ્રવૃત્તિ થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે.

**કન્યા** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી વિશેષ યોગ. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. જૂના સ્નેહી મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**તુલા** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે. ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

**વૃશ્ચિક** : પ્રયત્નોથી સફળતા મળશે. વ્યાપારી વર્ગને લાભ થવાની શકયતાઓ છે. ભાગ્યોદયની તક મળી રહે.સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**ધન** : બુદ્ધિથી મુશ્કેલી દૂર થશે. આરોગ્યની કાળજી રાખવી. આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું બની શકે છે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે.

**મકર** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. જૂના મિત્રો- સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. અટકાયેલા કાર્યો પૂર્ણ થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકે છે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિરોધી હેરાન કરવાની સંભાવના છે.

### ચિરવિદાય

- સ્વ. હિરાબેન મગનભાઈ પરમાર (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૮૩/૧, સેક્ટર-૩એ, ગાંધીનગર
- સ્વ. સુધાબેન રતિલાલ ભાવસાર (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૪૦/૧, સેક્ટર-૧૪, ગાંધીનગર